ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ - ૦૩ તા. ૦૫.૦૮.૨૦૧૭

**એન.ડી.એ.ના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવારશ્રી વેંકૈયા નાયડુજીને કુલ ૭૬૦માંથી ૫૧૬ મતો મળ્યા છે, ૨૭૨ મતે જ્વલંત વિજય,**

-------------

**ભાજપાના વરિષ્ઠ નેતા અને એન.ડી.એ.ના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર શ્રી વેંકૈયા નાયડુજીને પ્રદેશ ભાજપા વતી અભિનંદન પાઠવતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**શ્રી વેંકૈયા નાયડુજીના રાજકીય અનુભવ, પ્રશાસનિક કુનેહ, સંસદીય કાર્યના અનુભવનો લાભ દેશને મળશે**

-------------

**શ્રી નાયડુજી બંધારણીય મુલ્યો તેમજ લોકશાહીની પરંપરાઓને વધુ ઉંચાઇએ લઇ જશે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

ભાજપાના વરિષ્ઠ નેતા અને એન.ડી.એ.ના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર શ્રી વેંકૈયા નાયડુજીના ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ભવ્ય વિજય પર આનંદ વ્યક્ત કરતાં ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, શ્રી વેંકૈયા નાયડુજીના રાજકીય અનુભવ, પ્રશાસનિક કુનેહ, સંસદીય કાર્યના અનુભવનો લાભ દેશને મળશે અને બંધારણીય મુલ્યો તેમજ લોકશાહીની પરંપરાઓને વધુ ઉંચાઇએ લઇ જશે. શ્રી વેંકૈયા નાયડુજીના ભવ્ય વિજયથી સમગ્ર દેશના કરોડો ભાજપા કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

એન.ડી.એ.ના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર શ્રી નાયડુજીને કુલ ૭૬૦ માંથી ૫૧૬ મત મળ્યા હતા. જ્યારે યુ.પી.એ.ના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર શ્રી ગોપાલકૃષ્ણ ગાંધીને ૨૪૪ મત મળ્યા હતા. આમ, શ્રી વેંકૈયાજીનો ૨૭૨ મતે જ્વલંત વિજય થયો હતો.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, શ્રી વેંકૈયા નાયડુજીએ સંગઠન હોય કે પ્રશાસન દરેક જવાબદારી સુપેરે નિભાવી છે. એન.ડી.એ. સરકારમાં શ્રી નાયડુજીએ વિવિધ જવાબદારીઓ સુપેરે નિભાવી છે. દેશની પ્રજાને તેમના બહોળા અનુભવ અને પ્રશાસનિક બાબતોનો ખુબ મોટો લાભ મળ્યો છે. શ્રી નાયડુજીએ પ્રજાના પ્રતિનિધિ તરીકે હંમેશા જનતા સાથે સીધો સંપર્ક સાધીને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પ્રજા સુધી પહોંચાડ્યા છે. શ્રી વેંકૈયાજીની સંગઠનશક્તિ અને માર્ગદર્શનનો લાભ ભાજપાના અનેક કાર્યકર્તાઓને મળ્યો છે.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ